# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૯/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'કલીનર પ્રોડકશન : અ વે ટુવર્ડ્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' વિશે અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવારે, ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'કલીનર પ્રોડકશન : અ વે ટુવર્ડ્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' વિશે સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ગાંધીનગરના ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટરના મેમ્બર સેક્રેટરી ડો. ભરત જૈને માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરની એન્વાયરમેન્ટ એન્ડ કલાઇમેટ ચેન્જ કમિટીના ચેરમેન શ્રી વત્સલ નાયકે સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ઇન્ડસ્ટ્રીએ પ્રોડકશનની સાથે સાથે પાણી અને એનર્જીને બચાવવાની દિશામાં પ્રયાસ કરવો પડશે.

ડો. ભરત જૈને પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, વધતા જતા ઔદ્યોગિક પ્રદુષણને અટકાવવા માટે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પગલા ભરવામાં આવી રહયા છે. આ સંદર્ભમાં વન અને પર્યાવરણ વિભાગ તેમજ ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર દ્વારા સ્વચ્છ ઉત્પાદનની કામગીરીનો ગુજરાતના ઉદ્યોગોમાં ફેલાવો કરવામાં આવી રહયો છે. ગુજરાત રાજયના બધા જ નાના, મધ્યમ અને મોટી કક્ષાના ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છ ઉત્પાદનના અમલીકરણ જેવા કે પાણીની બચત, પ્રદૂષિત પાણી તથા ઘન કચરામાં ઘટાડો કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ઇન્ડસ્ટ્રીમાં રોજનુ વેસ્ટ કેમ, કયારે અને કેટલું નીકળે છે તેની ઉપર દરરોજ ચર્ચા કરીશું ત્યારે જ તેનું નિરાકરણ લાવી શકીશુ. આપણે હજી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં જોઇએ તેટલા સક્રીય નથી પણ રોજ ઇનોવેશનની ચર્ચા કરવી જોઇએ. દેશભરમાં ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રો કેમિકલમાં સૌથી આગળ છે. ટેક્ષ્ટાઇલમાં પણ ગુજરાત આગળ ચાલી રહયુ છે અને રાજયભરમાં ૨૦૦થી વધુ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે.

ડો. જૈને વધુમાં કહયુ હતુ કે પાઇપલાઇન દ્વારા વેસ્ટ હેઝાર્ડનો સમુદ્રમાં નિકાલ કરવામાં આવી રહયો છે, પરંતુ ગ્લોબલ ઇશ્યુ બની ગયેલા પોલ્યુશનને ઇગ્નોર કરવાથી હવે તાપમાન વધી રહયુ છે. સુરત પણ ક્રિટીકલ પોલ્યુટેડ એરીયામાં આવી ગયુ છે ત્યારે વેસ્ટ હેઝાર્ડના નિરાકરણ માટે સજાગ થવુ પડશે અને પહેલાંથી જ પ્રોએકટીવ થઇને કામ કરવુ પડશે. આથી ઇન્ડસ્ટ્રીના વેસ્ટ વિશે વિચારવુ પડશે. પાણી અને એનર્જી જેટલી જોઇએ તેટલી જ વાપરવી જોઇએ. કલીનર પ્રોડકશન માટે સરકારની સ્કીમ છે, જેનો લાભ લઇ શકાય છે.